# તસ્બીહે રજબુલ મુરજ્જબ

اَسْتَغْفِرُ اللّٰهَ ذَا الْجَلَالِ وَالْاِكْرَامِ
مِنْ جَمِيْعِ الذُّنُوْبِ وَالْاٰثَامِ

**અસ્તગફેરૂલ્લાહ ઝલ જલાલે વલ ઇકરામ મિન જમીઇઝ ઝુનુબે વલ આસામ.**

હું જલાલવાલા અને માનવાલા ખુદા પાસે તમામ ગુનાહો અને ખતાઓથી મગફેરત માંગુ છું.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, **"ઇમાનમાં કુફ્રની સમઝ એ છે કે, ઇમાનના કાનૂન મુજબ જે આઅમાલ કરવાનું બંદા પર ફરઝ થયું છે અને મીસાકમાં શરીઅતના અહકામ પર ચાલવાનું વચન આપું છે તે મુજબ એ કરે નહીં. તો આ પરથી સાબિત થાય છે, કે ઇમાનની માઅના ઝબાનથી ઇકરાર, દિલથી માઅરેફત અને જીસ્મના તમામ આઅઝાથી અમલ કરવાની થાય છે, જે શખ્સમાં આ મુજબ ઇમાન હોય તો તે મુમીન કહેવાય."** અમીરૂલ મુમેનીન હ. અલી (અ.સ.) ને નઝદીક ચંદ લોકોનું ગિરોહ દુનિયાની કેટલીક બાબત પૂછવા વાસ્તે આવું અને ગુફતગુ દૌરાન તેઓ કહેવા લાગા કે, "અય મૌલા, હમેં આપના શીઆ છીએ". આ સાંભલી હ. અલી (અ.સ.) એ તમામના ચેહરા સામે તઅજ્જુબ અને હૈરાની સાથે નિગાહને ફિરાવી અને આપ ફરમાવવા લાગા કે, "એય લોગો, હું તમને ઓલખતો નથી અને શીઆ હોવાનો તમેં જે દાઅવો કરો છો તેનો ઝર્રા બરાબર પણ અસર હું તમારેમાં જોતો નથી. હમારા શીઆ તો તે લોગો છે, જેઓ ખુદાતઆલા અને ખુદાના રસૂલ પર ઈમાન લાવે અને ખુદાતઆલાની રઝામંદી મુજબ અમલ કરે અને ગુનાહ કરવાથી દૂર રહે અને હમેં જે હુકમ કરીએ તે લઈ ઉઠે, એમાં હરગીઝ કુસૂર કરે નહીં. હમારા શીઆ નમાઝના પાબંદ છે, નમાઝના વક્તોમાં દુનિયાના હરએક કામને છોડીને પોતાને ખુદાતઆલાની ઝીક્રમાં મશગૂલ કરે છે. હમારા શીઆનું હથિયાર દુઆ છે, દુઆ કરવાના સબબ તેઓના હોંઠ હર વક્ત સૂખા હોય છે. તૌબા અને મગફેરત તેઓના ઈમાની લિબાસનું ઝેવર છે. પોતાના ગુનાહોની મગફેરત વાસ્તે હર વક્ત તેઓની આંખોમાંથી આંસુ જારી થાય છે અને રોઝા કરવાના સબબ તેઓના પેટ પતલા હોય છે અને ચેહરાઓ પરથી પરહૈઝગારીનું નૂર ચમકે છે. તેઓ સાદા મિઝાજના, નેક ખયાલના અને ઈઝઝતવાલા લોગો છે. હમારા શીઆ તે છે જેઓ પોતાના હક્ક સિવાય બીજુ હાસિલ કરવાની ખ્વાહીશ રાખે નહી અને કમ્ઝોર મજબૂર પર હરગીઝ ઝુલ્મ કરે નહી અને જે માલ પોતાનો ન હોય તે કોઈ હાલતમાં ખાઈ નહીં અને પોતે તે ચીઝ તરફ જ શૌક રાખે જે પોતાને વાસ્તે અને બીજાને વાસ્તે ખૈર હોય, ભલી હોય અને ફાયદાવાલી હોય."

ઈમામ અલી ઝૈનુલઆબેદીન (અ.સ.) ઝીક્રની દુઆમાં ફરમાવે છે કે, ***"અય ઝીક કરનારાઓની ઝીક કરનાર ! તું મને યાદ કર. તો જે શખ્સ અલ્લાહને યાદ કરશે તો ઝરૂર અલ્લાહ પણ એને યાદ કરશે અને બેશક અલ્લાહ એને રેહમત અને રિઝવાન બખ્શીને યાદ કરશે. હમારા શીઆ અલ્લાહની ઝીક કરીને પોતાની ખતાઓની મઆફી માંગે છે અને સાફ દિલ તેમજ નેક નીય્યતથી તૌબા કરે છે અને દોબારા એવી ખતા ન કરવાનો રબ્બુલ ઇઝઝતને મીઆદ આપે છે. બેશક અલ્લાહતઆલા તૌબા કરનારાઓ અને પાક થનારાઓને મોહબ્બત કરે છે. હકીકતમાં અલ્લાહની ઝીક એ જ અલ્લાહની તાઅતમાં શુમાર છે અને લારૈબ અલ્લાહને યાદ કરવાથી દિલોને ઇત્મેનાન અને સુકૂન મિલે છે."*** આપ (અ.સ.) ફરમાવે છે કે, "લોગો ગફલતના ઘરમાં છે, યહાં તેઓ અમલ તો કરે છે પણ તેની હકીકતને જાણતા નથી, વેપાર કરીને કમાણી તો કરે છે પણ તેને વાપરવાની સમઝ નથી. હવે જે વક્ત દારૂલ આખેરતમાં જાશે તો યકીનના ઘરમાં જાશે, વહાં તેઓએ જે અમલ દુનિયામાં કીધા હશે તે જાણશે પણ ત્યાં અમલ નહીં કરી શકે (યહાં અમલનું ઘર છે અને વહાં ઈલ્મનું). તેથી યહાં જેટલા અમલે સાલેહ થાય તેટલા જલ્દીથી કરી લો, એમ ન થાય કે આ કિંમતી વક્ત તમારા હાથમાંથી નિકલી જાય અને પછી તમને તમારા માલિકને નઝદીક શરમિંદા થાવું પડે. પછી તમે દોબારા એક નવી ઝિંદગી માંગશો કે જેથી તમે પાછા આ દુનિયામાં આવો અને નેક અમલ કરો, તો તમારો કોઈ સવાલ કે તદબીર કામ લાગશે નહીં. **ઝાકિરે ખુદા ગાફિલ લોગોને દરમ્યાન સૂખા જંગલમાં સરસબ્ઝ અને લીલા દરખ્તની મુજબ છે. તમામ આઅમાલમાં અફઝલ ઝિકરૂલ્લાહ છે.** જે બંદો અલ્લાહને એના મનમાં યાદ કરે તો અલ્લાહ પણ એને પોતાના જાનમાં યાદ કરે અને જો બંદો અલ્લાહને લોગોની જમાઅતના દરમ્યાન યાદ કરે તો અલ્લાહ પણ એને અફઝલ જમાઅતમાં યાદ કરે અને જો બંદો અલ્લાહ તરફ ચાલતો જાય તો અલ્લાહ એને તરફ દોડીને આવે, યાઅની તે અલ્લાહની રેહમતથી કરીબ થાય.

અલ્લાહતઆલાનું હમ મુમેનીન પર એહસાન છે કે હમને રજબુલ મુરજ્જબના બાબરકત અય્યામ મોહય્યા કીધા, જેને ઈબાદત અને પરહૈઝગારીમાં ગુઝારી હમેં હમારી આખેરતને ઉસ્તવાર કરીએ. આ મુબારક અય્યામની ઈબાદતની અઝમત તે આલીશાન અને બલંદ મકામ શખ્સીયત પર દારોમદાર રાખે છે કે જેના ફૈઝથી આલમે ઈમાન રોશન છે અને જેની વલાયતો ઉલ્ફતથી મુમેનીનના આઅમાલની મકબુલીયત છે. આ સખ્તી અને દુશ્વારીના વક્તમાં હમેં હમારા હાજતરવાઁ, ઉકદાકુશા અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) ના વસીલાથી આ અય્યામમાં અલ્લાહ જલ્લા શાનોહુની બારગાહે રબ્બાનીમાં તસ્બીહો તકબીર કરીને દુઆએ ખૈર કરીએ છીએ કે હમને અમ્નો અમાન મિલે, હમારો કારોબાર કુશાદા થાય, રિઝક આસાન થાય અને હમે અલ્લાહના હર અમર-હુકમ પર સબ્ર કરીને તેને આપેલી નેઅમતોનો શુક્ર અદા કરીએ. ★